દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૯ જુલાઈ, ૨૦૨૬

# વારંવાર ઈરાન સાથે યુદ્ધ અને યુદ્ધવિરામની જાહેરાતો કરતાં ટ્રમ્પને વિશ્વએ કાબુ કરવા જરૂરી

અમેરિકા અને ઈરાન વચ્ચે વણસતી સ્થિતિમધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) લાંબા સમયથી ભૌગોલિક-રાજકીય તણાવનું કેન્દ્ર રહ્યું છે, પરંતુ તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલો સંઘર્ષ વૈશ્વિક સમુદાય માટે અત્યંત ચિંતાજનક બાબત બની ગયો છે.

આ માત્ર બે દેશો વચ્ચેની લડાઈ નથી, પરંતુ તેની અસરો સમગ્ર વિશ્વના અર્થતંત્ર, સુરક્ષા અને રાજદ્વારી સંબંધો પર પડી રહી છે. દાયકાઓ જૂની આ દુશ્મનાવટ જ્યારે ફરી એકવાર યુદ્ધના મેદાનમાં પરિવર્તિત થાય છે, ત્યારે તે વૈશ્વિક શાંતિ સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ખડો કરે છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધો ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ બાદથી જ તણાવપૂર્ણ રહ્યા છે. જોકે, સમયાંતરે મુત્સદ્દીગીરી દ્વારા મામલો થાળે પાડવાના પ્રયાસો થયા હતા, જેમાં ૨૦૧૫નો પરમાણુ કરાર મુખ્ય હતો. પરંતુ આ કરારમાંથી અમેરિકાના બહાર નીકળવા અને ત્યારબાદ લદાયેલા આર્થિક પ્રતિબંધોએ બંને દેશો વચ્ચે અવિશ્વાસની ખાઈ વધારે ઊંડી કરી દીધી.

તાજેતરમાં યુદ્ધ ફાટી નીકળવા પાછળના મુખ્ય કારણો નીચે મુજબ જોઈ શકાય છે:ડ્રોન અને મિસાઈલ હુમલાઓ: વ્યૂહાત્મક વિસ્તારો અને સૈન્ય મથકો પર પરસ્પર થતા હુમલાઓએ સળગતા વચમાં ઘી હોમવાનું કામ કર્યું છે. મધ્ય પૂર્વના અન્ય દેશો જેવા કે યમન, સીરિયા અને લેબનોનમાં સક્રિય સંગઠનોને ઈરાન દ્વારા મળતા કથિત સમર્થન અને તેની સામે અમેરિકાની જવાબી કાર્યવાહીએ સ્થિતિ વધુ વણસાવી છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા મહત્વના આંતરરાષ્ટ્રીય વેપારી માર્ગો પર સૈન્ય ગતિવિધિઓ વધવાને કારણે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

આ યુદ્ધની સૌથી તાત્કાલિક અને ગંભીર અસર વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે. મધ્ય પૂર્વ એ વિશ્વમાં ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસનો સૌથી મોટો સપ્લાયર છે. ક્રૂડ ઓઈલના ભાવસપ્લાય ચેઈન ખોરવાવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી શકે છે. ઊર્જાના ભાવ વધવાથી પરિવહન ખર્ચ વધશે, જે વૈશ્વિક સ્તરે ચીજવસ્તુઓની મોંઘવારીમાં પરિણમશે.

યુદ્ધના કારણે રોકાણકારોમાં ભયનો માહોલ સર્જાતા વૈશ્વિક શેરબજારોમાં મોટા કડાકા શરૂ થઈ ગયા છે. ભારત જેવા દેશો જે પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ઓઈલ આયાત કરે છે, તેમના માટે આ સ્થિતિ રાજકોષીય ખાધ અને રૂપિયાના અવમૂલ્યનનું કારણ બની શકે છે. અમેરિકા-ઈરાન યુદ્ધ માત્ર બે પક્ષો પૂરતું મર્યાદિત નથી. તે વિશ્વને ફરી એકવાર બે ધ્રુવોમાં વહેંચી રહ્યું છે. પશ્ચિમી દેશો અને નાટોના સભ્યો સામાન્ય રીતે અમેરિકાના વલણને સમર્થન આપે છે. આ ઉપરાંત મધ્ય પૂર્વમાં ઈરાનના પ્રાદેશિક હરીફો પણ અમેરિકાની વ્યૂહરચના સાથે જોડાયેલા છે. જ્યારે ઈરાનને રશિયા અને ચીન તરફથી પરોક્ષ કે પ્રત્યક્ષ રાજદ્વારી અને આર્થિક પીઠબળ મળી રહ્યું છે. આ મહાસત્તાઓની સંડોવણી આ યુદ્ધને વધુ લાંબુ અને જટિલ બનાવી શકે છે. આ નવું સમીકરણ 'શીત યુદ્ધ' જેવા દોરની યાદ અપાવે છે, જ્યાં નાના સંઘર્ષો મહાસત્તાઓની પ્રતિષ્ઠાનો જંગ બની જાય છે.

કોઈપણ યુદ્ધનું સૌથી કદરૂપું પાસું માનવતાની હાનિ છે. ઈરાન અને તેની આસપાસના વિસ્તારોમાં વસતી સામાન્ય જનતાએ આ આધુનિક શસ્ત્રોના યુદ્ધની ભારે કિંમત ચૂકવવી પડશે. મોટાપાયે વિસ્થાપન, શરણાર્થીઓનું સંકટ અને પાયાની સુવિધાઓ જેવી કે તબીબી સહાય, અન્ન અને પાણીની અછત વર્તાઈ શકે છે. ઈતિહાસ સાક્ષી છે કે યુદ્ધો ક્યારેય કોઈ સમસ્યાનું કાયમી નિવારણ લાવી શક્યા નથી, તે માત્ર વિનાશ પાછળ છોડી જાય છે. યુદ્ધ એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી, પરંતુ તે પોતે જ એક નવી અને વધુ ગંભીર સમસ્યાઓની શરૂઆત છે.

વર્તમાન પરિસ્થિતિમાં સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વના અન્ય તટસ્થ દેશોએ તાકીદે મધ્યસ્થી કરવાની જરૂર છે. બંને પક્ષોએ પોતપોતાના અહમ બાજુ પર મૂકીને રાજદ્વારી વાટાઘાટો ના ટેબલ પર આવવું પડશે. વિશ્વ અત્યારે કોરોના મહામારીની અસરો અને અન્ય પ્રાદેશિક યુદ્ધો આર્થિક રીતે બેઠું થઈ રહ્યું છે, ત્યારે વધુ એક મોટા યુદ્ધને પરવડી શકે તેમ નથી. પરમાણુ સંપન્ન દેશોની સંડોવણી ધરાવતો આ સંઘર્ષ જો વહેલી તકે અટકાવવામાં નહીં આવે, તો તે ત્રીજા વિશ્વયુદ્ધ તરફ દોરી જવાની ક્ષમતા ધરાવે છે. તેથી જ, વૈશ્વિક નેતાઓએ તાત્કાલિક યુદ્ધવિરામ માટે દબાણ લાવવું જોઈએ અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની દિશામાં પગલાં ભરવાં જોઈએ. બની શકે છે કે ટ્રમ્પ દ્વારા આ રીતે યુદ્ધ અને યુદ્ધવિરામની જાહેરાતો કરીને શેરબજારોમાં કમાણી કરવામાં આવી રહી હોય પરંતુ વિશ્વના અન્ય નેતાઓએ ટ્રમ્પ પર દબાણ લાવીને સંઘર્ષની આ સ્થિતિને ટાળવી જોઈએ. જો તેમ થશે તો જ વિશ્વમાં લોકો જીવી શકશે તે નક્કી છે.

# ઈથેનોલનું અર્થશાસ્ત્ર : શું ખાદ્યાન્ન ગાડીઓનાં ઈંધણ માટે છે?

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**વિશ્વના બે સૌથી દિગ્ગજ રોકાણકારો, વૉરેન બફેટ અને તેમના સ્વર્ગસ્થ સાથી ચાર્લી મંગર, આ નીતિને લઈને ખૂબ જ સ્પષ્ટ અને ક્યારેક આકરી ટીકા પણ કરતા હતા, તેમના મતે, આ માત્ર ઊર્જાનો પ્રશ્ન નથી, પરંતુ અર્થશાસ્ત્ર અને નીતિવિષયક સમજદારીનો પણ પ્રશ્ન છે**

ભારતમાં ઈથેનોલનો ઉપયોગ અને તેની વર્તમાન નીતિ દેશની ઊર્જા સુરક્ષા માટે એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થઈ રહી છે. ભારત સરકારનો 'ઈથેનોલ બ્લૅન્ડિંગ પ્રોગ્રામ' ખાસ કરીને પેટ્રોલ સાથે ઈથેનોલનું મિશ્રણ વધારવા પર કેન્દ્રિત છે, જેનો મુખ્ય હેતુ ક્રુડ ઓઈલની આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને વિદેશી હૂંડિયામણની બચત કરવાનો છે. વર્તમાન નીતિ હેઠળ, ભારતે ૨૦૨૫ સુધીમાં ૨૦% ઈથેનોલ મિશ્રણ (E20)નું લક્ષ્યાંક હાંસલ કર્યું છે અને હવે ૨૦૩૦ સુધીમાં ૩૦% સુધી પહોંચવા માટે પ્રયત્નશીલ છે. સરકારના કહેવા પ્રમાણે આ નીતિ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન તો આપે જ છે. ઉપરાંત શેરડી, મકાઈ અને અન્ય કૃષિ પાકની ખેતી કરતા ખેડૂતો માટે આવકનાં નવાં દ્વાર પણ ખોલે છે. જો કે, આ નીતિની સફળતામાં 'ફુડ વર્સિસ ફ્યુઅલ'(ખોરાક વિરુદ્ધ બળતણ) જેવો પડકાર અને જળ સંસાધનોના સંચાલન જેવાં પાસાંઓ પર સંતુલન જાળવવું પણ એટલું જ અનિવાર્ય છે.

આજે દુનિયાભરમાં 'ગ્રીન એનર્જી' અને 'પર્યાવરણ'ના નામે અનેક પ્રયોગો થઈ રહ્યા છે. તેમાંનો એક મુખ્ય પ્રયોગ છે - ઈથેનોલ બ્લેન્ડિંગ. ભારત સહિત ઘણા દેશો પેટ્રોલમાં ઈથેનોલ ભેળવી રહ્યા છે જેથી ક્રુડ ઓઈલની આયાત ઘટાડી શકાય. પરંતુ, વિશ્વના બે સૌથી દિગ્ગજ રોકાણકારો, વૉરેન બફેટ અને તેમના સ્વર્ગસ્થ સાથી ચાર્લી મંગર, આ નીતિને લઈને ખૂબ જ સ્પષ્ટ અને ક્યારેક આકરી ટીકા પણ કરતા હતા, તેમના મતે, આ માત્ર ઊર્જાનો પ્રશ્ન નથી, પરંતુ અર્થશાસ્ત્ર અને નીતિવિષયક સમજદારીનો પણ પ્રશ્ન છે.

મૂળભૂત વિવાદઃ ખોરાક વિરુદ્ધ બળતણ (Food vs Fuel)

વૉરેન બફેટ અને ચાર્લી મંગરની સૌથી મોટી ચિંતા એ હતી કે જ્યારે તમે મકાઈ, શેરડી કે અન્ય અનાજમાંથી ઈથેનોલ બનાવો છો, ત્યારે તમે સીધી રીતે ખાદ્ય સંસાધનોનો ઉપયોગ બળતણ તરીકે કરી રહ્યા છો.

આર્થિક તર્કઃ જો ખેડૂત તેની જમીન પર ખોરાકને બદલે બળતણ માટેના પાક ઉગાડવાનું શરૂ કરે, તો બજારમાં અનાજનો પુરવઠો ઘટે છે. અર્થશાસ્ત્રનો સાદો નિયમ છે - પુરવઠો ઘટે એટલે ભાવ વધે. આ વધેલા ભાવનો બોજ અંતે તો સામાન્ય ગરીબ માણસની થાળી પર પડે છે.

નૈતિક પ્રશ્નઃ શું માણસની ભૂખ સંતોષવી વધુ મહત્ત્વની છે કે કારની ટાંકી ભરવી? વૉરેન બફેટ અને ચાર્લી મંગર બંને દિગ્ગજ રોકાણકારો માટે આ એક ગંભીર નૈતિક અને આર્થિક મૂંઝવણ હતી.

સબસિડીનું ચક્રઃ શું તે ખરેખર નફાકારક છે?

વૉરેન બફેટનો હંમેશાં એક સિદ્ધાંત રહ્યો છે કે જો કોઈ વસ્તુ કે સેવા બજારમાં પોતાની ક્ષમતા પર ટકી શકતી ન હોય, તો તે આર્થિક રીતે નબળી છે.

સરકારી સહારોઃ ઈથેનોલ ઉદ્યોગને જીવતો રાખવા માટે સરકારી સબસિડી, ટેક્સમાં છૂટ અને ફરજિયાત બ્લેન્ડિંગના કાયદાઓનો આશરો લેવો પડે છે. બફેટના મતે, જે ઉદ્યોગને સતત લાઈફ સપોર્ટની જરૂર પડતી હોય, તેની આર્થિક મજબૂતી પર પ્રશ્નો ઊભા થાય છે.

મૂડીનો બગાડઃ ચાર્લી મંગર માનતા હતા કે જ્યારે રાજકારણ અર્થશાસ્ત્ર પર હાવી થઈ જાય, ત્યારે દેશની મૂડીનો સૌથી વધુ બગાડ થાય છે. ઈથેનોલના બદલે તે જ નાણાં જો કોઈ વધુ નવીન અને લાંબા ગાળાની અસરકારક ટેકનોલોજીમાં રોકવામાં આવે, તો દેશને મોટો ફાયદો થઈ શકે.

શું ઈથેનોલ ખરેખર પર્યાવરણને બચાવે છે?

ઈથેનોલના હિમાયતીઓ કહે છે કે તે પ્રદૂષણ ઘટાડે છે. પરંતુ બફેટ અને મંગર જેવી તાર્કિક વિચારધારા ધરાવતા નિષ્ણાતોના મતે, આ સમગ્ર પ્રક્રિયાની 'કુલ કિંમત'(Total Cost) ગણવી જરૂરી છે.

છૂપા ખર્ચઃ ઈથેનોલ બનાવવા માટે ખાતર, પાણી, જમીનનો વપરાશ, કાપણી, પરિવહન અને પ્રોસેસિંગની જે પ્રક્રિયા થાય છે, તેમાં પણ ઊર્જા વપરાય છે અને પ્રદૂષણ થાય છે. જ્યારે તમે આ તમામ ખર્ચને જોડો છો, ત્યારે ઈથેનોલનો ચોખ્ખો (Net) આર્થિક અને પર્યાવરણીય ફાયદો ઘણી વાર અપેક્ષા કરતાં ખૂબ ઓછો નીકળે છે.

ભારતીય પરિપ્રેક્ષ્યઃ ભારત માટે શું છે પડકારો?

ભારત અત્યારે ઈથેનોલ બ્લેન્ડિંગમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ખેડૂતોને કમાણીનો વધારાનો સ્રોત મળી રહ્યો છે તે સારી બાબત છે. પરંતુ બફેટ અને મંગરની ચેતવણી આપણને પણ અમુક ગંભીર પ્રશ્નો પૂછવા માટે મજબૂર કરે છેઃ

પાણીનો વપરાશઃ ભારત જેવા દેશમાં જ્યાં પાણીની અછત એક મોટી સમસ્યા છે, ત્યાં શેરડી અને મકાઈ જેવા પાક જે વધુ પાણી માંગે છે, તેના પર નિર્ભરતા કેટલી યોગ્ય છે? ખાદ્ય સુરક્ષાઃ વધતી વસતી માટે પૂરતો ખોરાક અને સસ્તું અનાજ સુનિશ્ચિત કરવું એ પ્રાથમિકતા હોવી જોઈએ. શું અનાજ આધારિત ઈથેનોલ ભવિષ્યમાં ખોરાકની કિંમત વધારશે? સ્થાયી અર્થતંત્રઃ શું આપણે એવી નીતિ બનાવી રહ્યા છીએ જે લાંબા ગાળે આત્મનિર્ભર છે, કે પછી તે માત્ર સરકારી સબસિડી પર ટકેલી રહેશે? વૉરેન બફેટ અને ચાર્લી મંગરનો મતલબ એ નથી કે તેઓ પ્રગતિના વિરોધી છે. તેઓ વિરોધી છે અતાર્કિક નીતિઓના. તેમનો સંદેશ સ્પષ્ટ છે -કોઈ પણ સરકારી નીતિ લાગણીઓ પર નહીં, પણ નક્કર ગણિત અને લાંબા ગાળાના રાષ્ટ્રીય હિત પર આધારિત હોવી જોઈએ.ઈથેનોલ એક વિકલ્પ હોઈ શકે છે, પરંતુ તે દેશના ખાદ્ય સુરક્ષા અને જળ સંસાધનોના ભોગે ન હોવો જોઈએ. જ્યારે આપણે ઈંધણની વાત કરીએ, ત્યારે બફેટની એ વાત યાદ રાખવી જોઈએઃ 'બજારમાં એ જ ટકે છે જે પોતાની ગુણવત્તા અને કિંમતથી બીજાને હરાવી શકે, સરકારના ટેકાથી નહીં.'

તમે જે અનાજ ઉગાડો છો, તેની સાચી જગ્યા ગરીબની થાળી છે કે કારની ટાંકી? આ નિર્ણય લેતી વખતે દેશના અર્થશાસ્ત્રને પ્રાધાન્ય આપવું અનિવાર્ય છે.


- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## શાંતિની શોધમાં

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ એક કથાકાર કથામાં ભગવાન બુદ્ધની વાત કહી રહ્યા હતા. એક રાજકુમારે જીવનના દુઃખો જોયા અને નશ્વર જીવનમાં સાચો અર્થ શોધવા, સાચી શાંતિ શોધવા, પરમ સુખ મેળવવા યુવરાજ પદ, રાજમહેલ અને રાજગાદી, પત્ની પરિવારનો ત્યાગ કરી દીધો અને શ્નાતીની શોધમાં નીકળી પડ્યા અને ઘણું રખડ્યા બાદ એક દિવસ તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું અને તેઓ એક રાજકુમાર માંથી પરમ જ્ઞાની બુદ્ધ બન્યા. ભગવાન બુદ્ધ, પરમ જ્ઞાની કઈ રીતે બન્યાની કથા સરળ રીતે ટૂંકમાં કહીને કથાકારે એક ટુચકો મુક્યો કે આપણે બધા અને ભગવાન બુદ્ધ આમ તો સરખા જ છીએ માત્ર એક ફરક છે, માત્ર થોડો જ વિરોધાભાસ છે.' આ સાંભળી બધા શ્રોતાજનોને થયું નક્કી કથાકારથી વાણીના પ્રવાહમાં કઈંક ભૂલ થઇ લાગે છે. કઈંક ઊંધું બોલાય ગયું લાગે છે ક્યાં આપણે બધા પામર મનુષ્યો અને ક્યાં ભગવાન બુદ્ધ અને તેઓ બોલ્યા આમ તો સરખા જ છીએ માત્ર એક તફાવત છે. કદાચ માત્ર એક જ સરખામણી કે તેઓ પણ મનુષ્ય અને આપણે પણ મનુષ્ય



એમ કહેવાનું હશે. બધા પોતાના તર્ક લગાવવા લાગ્યા. એક ઉત્સાહી કાર્યકર્તા તો કથાકારના કાનમાં જઈને કૈંક કહેવા લાગ્યા. કથાકાર હસ્યા અને બોલ્યા, 'ના ના એમ ન સમજતા હું કૈંક ખોટું કે ભૂલથી બોલ્યો છું હું બહુ સભાનતા અને જગૃતિ સાથે કહું છું કે આપણે બધા અને ભગવાન બુદ્ધ આમ તો સરખા જ છીએ માત્ર એક ફરક છે, માત્ર થોડો જ વિરોધાભાસ છે. બુદ્ધ પણ મનુષ્ય હતા અને આપણે પણ માણસો છીએ, તેમને પણ સુખ મેળવવું હતું આપણને પણ સુખ જ જોઈએ છે. તેઓ પણ શાંતિની શોધમાં હતા અને આપને બધા પણ શાંતિની શોધમાં છીએ.' આટલું બોલી કથાકાર અટક્યા થોડી વાર રહીને બોલ્યા, 'હવે ધ્યાનથી સાંભળજો, શું વિરોધાભાસ છે તે કહું છું.' બધા શ્રોતાજનો હવે કથાકાર શું કહેશે તે સાંભળવા માટે આતુર હતા. કથાકાર બોલ્યા, 'ભગવાન બુદ્ધે સાચી શાંતિ અને સાચા સુખની શોધમાં રાજ મહેલ છોડી દીધો હતો અને આપણે બધા મહેલ બાંધવાની હોડમાં એવા દોડીએ છીએ કે પાસે શાંતિ હોય તો પણ દેખાતી નથી. વધુ પૈસા મેળવવાની ધૂનમાં શાંતિ ગુમાવી દીધી છે. ભગવાન બુદ્ધને રાજમહેલ અને રાજગાદીના ધન વૈભવમાં સુખ નહોતું લાગતું શાંતિ નહોતી મળી રહી અને આપણે બધા એમ માનીએ છીએ કે ધન વૈભવ મેળવી લઈએ એટલે સુખ શાંતિ મળી જશે.' કથાકારે સુંદર સમજ આપી અને સમજાવ્યું કે સુખ અને શાંતિની વ્યાખ્યા દરેકની જુદી જુદી હોઈ શકે અને એટલું ચોક્કસ યાદ રાખવું કે સુખ અને શ્નાતી નો ધન વૈભવ સાથે કોઈ સબંધ નથી.

# સંસ્કૃતિની વ્યાખ્યા રાજકારણીઓ પાસેથી શીખવી પડે એ કળિયુગ

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**હકીકતમાં રાજકારણીઓને મન આ મુદ્દા પોતાની ખુરશી ટકાવી રાખવાના ગતકડાંથી વિશેષ કશું નથી હોતું**

સંસ્કાર, સંસ્કૃતિ, કળા, ધર્મ જેવી બાબતો રાજકારણીઓ વ્યાખ્યાયિત કરવા માંડે ત્યારે આ વિદ્યાઓની અધોગતિ થઈ એમ કહી શકાય. રાજકારણીઓ ઉપરાંત લાખોની સંખ્યામાં અનુયાયીઓ ધરાવતા, 'સંત' તરીકે ઓળખાતાં લોકોનો પણ આમાં સમાવેશ થાય. સંસ્કાર, સંસ્કૃતિ અને કળા ખરેખર તો અમૂર્ત બાબત છે, જે પોતાના સમયની અસરોને ઝીલે છે પણ તેમાં રાજકારણીઓનો પ્રવેશ થાય એટલે પત્યું! સત્તા ટકાવી રાખવાના પોતાના ટૂંકા અને એક માત્ર સ્વાર્થ ખાતર રાજકારણીઓ આ બાબતોને નવેસરથી વ્યાખ્યાયિત કરે છે. મોટા ભાગનાં લોકો આ ચાલમાં આવી જાય છે અને તેઓ પણ પોતાની સમજણને કોરાણે મૂકીને રાજકારણીઓ દ્વારા પઢાવાયેલા પાઠ રટવા લાગે છે. હકીકતમાં રાજકારણીઓને મન આ મુદ્દા પોતાની ખુરશી ટકાવી રાખવાના ગતકડાંથી વિશેષ કશું નથી હોતું. આના માટેનું સૌથી હાથવગું માધ્યમ છે શિક્ષણ. દરેક શાસનકાળમાં પાઠ્યપુસ્તકો જુદી જુદી રીતે લખાતાં રહ્યાં છે, જેનો હેતુ પણ જુદો જુદો હોય છે. આ બાબતનું વરવું અને વધુ એક ઉદાહરણ જોવા મળ્યું. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગના નવમા ધોરણના કળા અંગેના પાઠ્યપુસ્તકમાં મોહેં-જો-ડેરોમાંથી મળી આવેલી, 'નર્તકી'ની જગવિખ્યાત પ્રતિમાનો ઉલ્લેખ છે, સાથે તેની છબી પણ હોય એ સ્વાભાવિક છે. કાંસાની બનેલી આ અસલ પ્રતિમા દિલ્હીસ્થિત રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સંઘરાયેલી છે. તેનો સમયગાળો ઈ.સ.પૂર્વે 2300થી ઈ.સ.પૂર્વે 1750નો હોવાનું મનાય છે અને તે સિંધુ સંસ્કૃતિની ઝલક આપતી મહત્ત્વની કળાકૃતિ છે. 1926માં તે મળી આવી હતી. કળાના ઈતિહાસમાં તેના ઉલ્લેખ વિના ઈતિહાસ અધૂરો લેખાય, આથી તે વરસોથી પાઠ્યપુસ્તકમાં સ્થાન પામે છે.

કાઉન્સિલના સભ્યોને અચાનક, આ વરસે લાગ્યું કે આ તો નગ્નતા કહેવાય અને નવમા ધોરણનાં બાળકોને એનાથી દૂર રાખવાં જોઈએ. આથી આ પ્રતિમાની છબીના ધડના ભાગને ઘેરો કરીને એવો અસ્પષ્ટ કરી દેવામાં આવ્યો કે એ સપાટ જ જણાય. હા, આ પ્રતિમા એક નગ્ન યુવતીની અવશ્ય છે અને સૌ કોઈ જાણે છે એમ શિલ્પકળામાં અર્ધનગ્ન કે નગ્ન માનવશરીરનું શિલ્પ હોવું તદ્દન સામાન્ય બાબત છે, કારણ કે શરીરનાં વિવિધ અંગો થકી શિલ્પકળાનાં વિવિધ આયામોને શિલ્પમાં ઉજાગર કરવાની શિલ્પકારને તક મળે છે. આ કોઈ સંશોધન કે અભિપ્રાય નથી, બલકે સર્વસામાન્ય હકીકત, પદ્ધતિ અને પ્રણાલી છે. આને પગલે ઊહાપોહ થયો એટલે 'યોગ્ય તપાસ અને કાર્યવાહી'નો આદેશ અપાયો. 'નિષ્ણાતો'ના અભિપ્રાય લેવાયા અને એ પછી મૂળ છબીને પાછી મૂકવાનો આદેશ અપાયો. પુસ્તકોનું મુદ્રણ થઈ ગયું છે. આથી હવે તેની ડીજિટલ આવૃત્તિમાં સુધારો પહેલો કરવામાં આવશે અને એ પછી ફેરફાર કરાયેલી આવૃત્તિમાં.

એવું નથી કે સંસ્કારના આવા હુમલા પહેલવહેલા છે. કોઈ પણ બાબતને નગ્નતાનું લેબલ મારવાની 'સંસ્કારી' લ્હાયમાં આવા સાંસ્કૃતિક રખેવાળો નગ્નતા અને અશ્લીલતા વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. સૌથી મોટી વક્રતા એ છે કે જે પ્રાચીન ભારતીય સંસ્કૃતિની તેઓ દુહાઈ આપીને આમ કરે છે, એ જ પ્રાચીન સંસ્કૃતિની આ ઓળખ અને અભિન્ન હિસ્સો છે. આવા 'સંસ્કારી' હુમલા આજકાલના નથી. 'સભ્ય અને સંસ્કારી' દેખાવાની હોડમાં મોટે ભાગે લોકો સામાન્ય બુદ્ધિને બાજુએ મૂકી દે છે. એક સમયે ખજૂરાહોનાં શિવમંદિરની બહાર આવેલાં, કળાના ઉત્તમ નમૂના જેવાં ભોગશિલ્પોને નષ્ટ કરી દેવાનો પ્રસ્તાવ કેટલાક 'સંસ્કારી' લોકોએ ગાંધીજી સમક્ષ મૂકેલો. ગાંધીજીએ એ બાબતે ખ્યાતનામ ચિત્રકાર, શાંતિનિકેતનના કલાભવનના આચાર્ય અને કળામર્મજ્ઞ નંદલાલ બોઝનો આ બાબતે અભિપ્રાય મેળવવા સૂચવેલું, જે સ્વાભાવિકપણે જ આ શિલ્પોને જાળવવાની તરફેણમાં હતો. કશી સેન્સરશીપ વિનાનાં ઓ.ટી.ટી.(ઓવર ધ ટોપ) માધ્યમો પરથી પ્રસારિત કરાતી વિવિધ ફિલ્મો કે ધારાવાહિકોમાં ગાળ હવે સાવ સામાન્ય તત્ત્વ બની ગયું છે. મહિલાઓનું વિવિધ રીતે થઈ રહેલું ઉત્પીડન અને એ કરનારાંઓને મળી રહેલો રાજકીય આશ્રય એટલો ખુલ્લેઆમ અને રોજિંદી ઘટના છે કે એની કશી નવાઈ રહી નથી. જાતીય રીતે વિકૃત લોકોનાં નામોલ્લેખ ધરાવતા એપસ્ટિન ફાઈલ્સ જેવા નામોશીભર્યા દસ્તાવેજમાં દેશના મંત્રીનાં નામ આવે એ સ્વીકૃત છે પણ આપણી ખરેખરી પ્રાચીન સભ્યતામાં સંસ્કારના આ પૂજારીઓને 'નગ્નતા' જણાય છે.

નગ્નતા ખરેખર તો મનની હોય છે અને જાહેરમાં પોતાની 'સંસ્કારી' છબી ઉપસાવવા માટે તેનું દમન કરવામાં આવે ત્યારે તે આવા માર્ગે બહાર આવતી હોય છે. દુર્ભાગ્યે સંસ્કારિતાના આવા રખેવાળો એવા રાજકીય પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે, જે આવી બાબતો માટે એકધાર્યું, સળંગ, બદનામ વલણ ધરાવે છે. જે દેશમાં પુરવાર થયેલા બળાત્કારીઓની સજા માફ થઈ જાય, તેમનું છડેચોક સ્વાગત થાય, અમુક કિસ્સામાં તો તે પૂજાય ત્યાં શિક્ષણના ક્ષેત્રે પેધેલાં આવાં સરકારી પ્યાદાં નગ્નતાને છાવરવાને નામે આવું હાસ્યાસ્પદ કૃત્ય કરાવે એ વિચિત્ર ન કહેવાય!

જનતા તરીકે આપણા કેવા ખરાબ દિવસો આવી ગયા કહેવાય કે હવે રાજકારણીઓ આપણને સંસ્કારની વ્યાખ્યા આપે, સંસ્કૃતિ કોને કહેવાય એ જણાવે, આપણા રાષ્ટ્રપ્રેમને તેઓ પ્રમાણિત કરે અને કળાનાં ધોરણો પણ તેઓ જ નિર્ધારિત કરે. શિક્ષણની ઘોર ખોદીને અટકે નહીં પણ તેને છેક સાતમા પાતાળ સુધી લઈ જાય અને સતત નીચે ઊતારતા જાય.

આ બધું સાતત્યપૂર્વક, તીવ્રતાપૂર્વક થઈ રહ્યું છે અને આપણે રાજકારણીઓએ વ્યાખ્યાયિત કરી આપેલી શબ્દાવલિઓના નવા અર્થોને હોંશે હોંશે સ્વીકારી રહ્યા છીએ. એટલે વિચારવાનું આપણે છે કે શું આપણે આને જ લાયક છીએ? પેલી જાણીતી ઉક્તિ અનુસાર, 'આપણે જેને લાયક હોઈએ એવા જ રાજકારણીઓ આપણને મળતા હોય છે.' સંસ્કાર, સંસ્કૃતિ, ધર્મ કે કળાની, કોઈ પણ રાજકારણી કે રાજકીય પક્ષે કરેલી વ્યાખ્યામાં હોંકારો ભણતાં પહેલાં આ સત્ય યાદ રાખવા જેવું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સોનમ વાંગચુકની બગડતી તબિયતથી દેશ ચિંતિત!

ભારતના એક જવાબદાર નાગરિક તરીકે હું સોનમ વાંગચુકના સતત બગડતા સ્વાસ્થ્ય અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરું છું. પ્રાપ્ત માહિતી મુજબ તેઓ પોતાની માંગણીઓના સમર્થનમાં અનશન પર છે અને તેમના સ્વાસ્થ્યમાં સતત ગિરાવટ જોવા મળી રહી છે. તેમનું વજન ઘટ્યું છે, બ્લડ શુગરનું પ્રમાણ ઓછું થયું છે અને તબીબોએ પણ તેમની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હોવાનું જાણવા મળે છે. સરકાર કોઈપણ પક્ષની હોય, તેની પ્રથમ જવાબદારી સંવાદ સ્થાપિત કરવાની છે. વિરોધના અવાજને લાંબા સમય સુધી અવગણવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી, પરંતુ લોકોમાં અસંતોષ અને અવિશ્વાસ વધે છે. દેશના હિતમાં સરકાર અને સંબંધિત પક્ષોએ તાત્કાલિક ચર્ચા શરૂ કરી પરિસ્થિતિનો શાંતિપૂર્ણ અને બંધારણીય માર્ગે ઉકેલ લાવવો જોઈએ. અંતમાં, ભારત સરકારને અપીલ છે કે સોનમ વાંગચુકના સ્વાસ્થ્યની યોગ્ય કાળજી લેવામાં આવે, તેમની માંગણીઓ અંગે ખુલ્લો અને પારદર્શક સંવાદ શરૂ કરવામાં આવે તથા કોઈપણ પરિસ્થિતિમાં લોકશાહી મૂલ્યો અને માનવ જીવનનું રક્ષણ સર્વોચ્ચ પ્રાથમિકતા બને.

**સુરત - આશિષ ટેલર**

## શાળાનું માળખું નહીં, શિક્ષકોને જુઓ!

આજના આધુનિક યુગમાં જ્યારે પણ નવી શાળાઓ ખૂલે છે અથવા વાલીઓ પોતાના બાળકો માટે શાળાની પસંદગી કરે છે, ત્યારે સૌથી પહેલું ધ્યાન શાળાના બાહ્ય દેખાવ પર જાય છે. મોટી અને ભવ્ય ઈમારતો, એર-કન્ડિશન્ડ (AC) વર્ગખંડો, હાઈ-ટેક ડિજિટલ બોર્ડ, સ્વિમિંગ પૂલ અને વૈભવી બસની સુવિધાઓ જોઈને વાલીઓ અંજાઈ જાય છે. લાખો રૂપિયાની ફી ચૂકવીને વાલીઓ એવું માની લે છે કે ભવ્ય માળખું (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) એટલે જ શ્રેષ્ઠ શિક્ષણ. પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ છે. શિક્ષણનો સાચો આત્મા શાળાની નિર્જીવ દીવાલો કે વૈભવી સાધનો નથી, પરંતુ વર્ગખંડમાં ઊભેલો જીવંત 'શિક્ષક' છે. એક ભવ્ય એસી ક્લાસરૂમમાં જો યોગ્ય લાયકાત, સ્નેહ અને ભણાવવાની ધગશ વગરનો શિક્ષક ઊભો હશે, તો તે બાળકનો બૌદ્ધિક કે નૈતિક વિકાસ ક્યારેય નહીં કરી શકે. તેનાથી વિપરીત, જો કોઈ સામાન્ય નળિયાવાળા ઓરડા કે ઝાડની નીચે પણ જો એક સમર્પિત, જ્ઞાની અને પ્રેમાળ શિક્ષક હશે, તો તે દેશને શ્રેષ્ઠ નાગરિકો અને વિદ્વાનો આપી શકશે. આપણા દેશનો ઈતિહાસ સાક્ષી છે કે ભારતને વિશ્વગુરુ બનાવનાર આપણી પ્રાચીન ગુરુકુળ પ્રણાલીમાં કોઈ મોટી ઈમારતો નહોતી, માત્ર શ્રેષ્ઠ ઋષિમુનિઓ (શિક્ષકો) હતા.તેથી હવે વાલીઓ એ સમજી વિચારી ને પસંદ કરવાનું છે શાળાનું માળખું કે પછી શ્રેષ્ઠ શિક્ષક?

**સુરત - સુરતી નીતિનકુમાર**

## દેશભરમાં મુશળધાર વરસાદે તબાહી મચાવી

દેશમાં ચોમાસુ હવે સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે, પરંતુ તેની ગતિએ રાહત અને મોટી આફત બંને લાવી છે. ઉત્તરથી પશ્ચિમ, મધ્ય અને દક્ષિણ ભારતમાં સતત મુશળધાર વરસાદે જનજીવનને ભારે અસ્તવ્યસ્ત કરી દીધું છે. જમ્મુ અને કાશ્મીરમાં વાદળ ફાટવા, મહારાષ્ટ્રમાં રેકોર્ડ વરસાદ, મધ્યપ્રદેશમાં ધોરીમાર્ગો ડૂબી ગયા, ગુજરાતના શહેરોમાં પાણી ભરાઈ ગયા અને કેરળમાં ભૂસ્ખલનથી સ્પષ્ટ થઈ ગયું છે કે આ ચોમાસુ ઘણા રાજ્યો માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરે છે. હવામાન વિભાગ સતત ચેતવણીઓ જારી કરી રહ્યું છે અને વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલું છે, પરંતુ અવિરત વરસાદને કારણે ઘણી જગ્યાએ પરિસ્થિતિ ગંભીર છે. ભારે વરસાદને કારણે મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં જનજીવન પણ ખોરવાઈ ગયું છે. ગુજરાતના દક્ષિણ અને મધ્ય ભાગોમાં પણ ચોમાસાએ તબાહી મચાવી છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના અનેક જિલ્લાઓમાં પણ સતત વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. જૂનાગઢ જિલ્લામાં ખેતરો પાણીમાં ડૂબી ગયા છે, અને ગ્રામીણ વિસ્તારોમાં ઘણા રસ્તાઓ પાણી ભરાઈ ગયા છે. અનેક સ્થળોએ ઘરોને નુકસાન થયું છે, અને પશુધન અને ખેતીને નોંધપાત્ર નુકસાન થયું હોવાના અહેવાલ છે. સ્થાનિક વહીવટીતંત્ર રાહત કામગીરીમાં રોકાયેલું છે, પરંતુ સતત વરસાદને કારણે પરિસ્થિતિ સામાન્ય થવામાં સમય લાગી શકે છે.

**સુરત - કાંતિલાલ માંડોત**

## હરફન મૌલા અભિનેતા સંજીવકુમાર જન્મ સ્થળ સુરત

તમામ ધર્મ , કર્મ ની વાતે સહમત હશે, એમાં બેમત નથી જ નથી. જેવું કરો તેવું ભરો, ખાડો ખોદે તે પડે, જે વાવશો એ લણશો, અહીં નું કરેલું અહીં જ ભોગવશો, સ્વર્ગ અને નર્ક તો કલ્પના જ છે.જીવતે જીવ જ કર્મ નો ચોપડો વાંચવાનો રહેશે.. કોઈ ને શરૂઆતથી.. કોઈ ને મધ્યભાગમાં છો ત્યારે કોઈ ને ઘડપણમાં.. કરેલા કર્મોના હિસાબ કિતાબ પારદર્શક બનશે..એ તમે પણ જોઈ શકશો અને તમારી સાથે જોડાયેલા હોય એ તમામ જોશે. પોતાના અંગત સ્વાર્થ સિદ્ધ કરવા પવન જોઈ પૂંઠ ફેરવીને ખોટું થયું છે કે ખોટું થતું હોય ત્યારે વાસ્તવિકતા થી અજાણ થશો તો એ પણ એક જાતનો પરોક્ષ અપરાધ છે. મોટાભાગના લોકો ઘર પરિવાર સગા સંબંધીઓ અને મિત્રો સાથે કે,પોતાના ભાગે આવેલા કાર્ય સ્થાન ઉપર છે કંઈક પણ ખોટું કામ,અથવા હિસાબી રકમને બીન હિસાબમાં ફેરવી પોતાના કામમાં લેવામાં ખચકાટ નથી અનુભવતા.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## કુદરત સાથે સમાધાન નહીં, સંવાદ જરૂરી

પર્યાવરણનું રક્ષણ જ સુરક્ષિત ભવિષ્યની ચાવી છે. વરસાદ કુદરતનું અમૂલ્ય વરદાન છે. સમયસર અને પૂરતા પ્રમાણમાં પડતો વરસાદ ખેડૂતો માટે આશીર્વાદ સમાન છે. ખેતી, પીવાના પાણીનો સંગ્રહ, નદીઓ, તળાવો અને ભૂગર્ભ જળના સ્તરને જાળવી રાખવામાં વરસાદનું મહત્વ ખૂબ જ છે. સમગ્ર જીવસૃષ્ટિનું જીવન વરસાદ પર નિર્ભર છે. પરંતુ જ્યારે વરસાદ અતિશય અથવા અનિયમિત થાય છે ત્યારે તે વરદાનને બદલે અભિશાપ બની જાય છે. અતિવૃષ્ટિના કારણે પૂર, રસ્તાઓનું નુકસાન, પાકનો નાશ, જાનમાલની હાનિ અને જનજીવન ખોરવાઈ જાય છે. બીજી તરફ ઓછો વરસાદ દુષ્કાળ, પાણીની અછત અને આર્થિક મુશ્કેલીઓ સર્જે છે. આથી પ્રશ્ન વરસાદનો નથી, પરંતુ તેના યોગ્ય સંચાલનનો છે. વરસાદી પાણીનો સંગ્રહ, વૃક્ષારોપણ, નદીઓ અને જળાશયોનું સંરક્ષણ તેમજ પર્યાવરણનું જતન કરીએ તો વરસાદનું વરદાન સૌના જીવનને સમૃદ્ધ બનાવી શકે. અંતે એટલું જ કહી શકાય કે વરસાદ પોતે વરદાન છે; તેને અભિશાપ બનાવે છે માનવની બેદરકારી અને કુદરત પ્રત્યેનો અનાદર.

**સુરત - સંદીપ માંગુકિયા**

## ચોમાસામાં સલાબતપુરામાં પાણીનો ભરાવો

કોટ વિસ્તારના સલાબતપુરા સપ્તશૃંગીમાતા સર્કલ પાસેના આજુ બાજુના વિસ્તારમાં ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા કાયમની છે.આ વિસ્તાર નિચાણવાળો હોવાથી ચોમાસામાં વાંરવાર પાણી ભરાવાના કારણે આ વિસ્તારના લોકો પારાવાર મુશ્કેલી અનુભવે છે. વર્ષો પહેલા સુરત મહાનગર પાલિકા ચોમાસામાં 85 દિવસના હંગામી કામદારોની ભરતી કરતા હતા. વોર્ડમાં લોકસેવા ખાતા માં વધારાના કામદારો ફરજ બજાવતા હતા. ચોમાસામાં વરસાદી ગટરો સાફ કરવી,કાદવ ઉલેચવો,રસ્તાઓ નું પેચકામ કરવું વિ.કામગીરી કરતા હતા.આજે સેન્ટ્રલ ઝોનમાં વોર્ડમાં લોકસેવા વિભાગ માં નજીવા કામદારો થી ગાડું હાંકે છે. સુરત મહાનગરપાલિકા કોઈ નવી કામદારો ની ભરતી કરતા નથી. પરિણામે ચોમાસામાં સેન્ટ્રલ ઝોનની હાલત ખરાબ થઈ ગઈ છે. સેન્ટ્રલ ઝોનમાં વોર્ડના લોકસેવા વિભાગમાં જુ. ઈજનેરને ત્રણ ચાર વોર્ડનો ચાર્જ આપવામાં આવેલો છે પરિણામે વોર્ડની કામગીરી ખાડે ગઈ છે. વોર્ડનો કચરો અને કાદવ ઉઠાવવા માંટે ની ટ્રેક્ટરની વ્યવસ્થા નથી. ચોમાસામાં કચરો ઉઠાવવા ડોર ટુ ડોર ગાડીનો ઉપયોગ થાય છે.સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન ને અન્યાય કરે છે. સલાબતપુરાની સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવા સુરત મહાનગરપાલિકા યોગ્ય કાર્યવાહી કરવા અનુરોધ.

**સુરત - કિરીટ મેઘાવાલા**